www.prepp.in
Prepp
Your Personal Exams Guide



STH-P-GJT

# ગુજરાતી / GUJARATI

## પેપર I / Paper I

## ( સાહિત્ય ) / ( LITERATURE )

| | |
|---|---|
| સમય મર્યાદા : ત્રણ કલાક<br>Time Allowed : **Three** Hours | મહત્તમ ગુણ : **250**<br>Maximum Marks : **250** |

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

*પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :*

અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક **1** અને **5** ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી એક પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર **ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં)** લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI**.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## SECTION A

**Q1.** લગભગ 150 શબ્દોમાં ઉત્તરો લખો. *10×5=50*

(a) નર્મદની સાહિત્યસેવાની સમીક્ષા કરો. *10*

(b) રમણભાઈ નીલકંઠે હાસ્યક્ષેત્રે કરેલા પ્રદાનને મૂલવો. *10*

(c) મધ્યકાલીન લૌકિક પરંપરા વિશે નોંધ લખો. *10*

(d) ગુજરાતી ભાષાના શબ્દભંડોળ વિશે માહિતી આપો. *10*

(e) ચન્દ્રકાન્ત બક્ષીની નવલકથાઓ નિરૂપાયેલ આધુનિક વલણોની ચર્ચા કરો. *10*

**Q2.** (a) મધ્યકાલીન સાહિત્યમાં જ્ઞાનમાર્ગી કવિઓની કવિતાને મૂલવો. *20*

(b) મેઘાણીની કવિતાઓમાં નિરૂપાયેલ વિષય વૈવિધ્ય વિશે સદૃષ્ટાંત ચર્ચા કરો. *20*

(c) પ્રવીણ દરજીની નિબંધસૃષ્ટિનો પરિચય કરાવો. *10*

**Q3.** (a) ગુજરાતી સાહિત્યમાં જૈનકવિઓના પ્રદાનને મૂલવો. *20*

(b) ગુજરાતી ભાષાના ઉદ્ભવ અને વિકાસની ચર્ચા કરો. *20*

(c) ઉમાશંકર જોશીની કૃતિવિવેચના વિશે નોંધ લખો. *10*

**Q4.** (a) ગુજરાતી ભાષાના ધ્વનિઘટકોનો પરિચય કરાવો. *20*

(b) રાજેન્દ્રશાહની ગીતરચના અને સોનેટરચના વિશે સાધાર ચર્ચા કરો. *20*

(c) ઉત્તર ગુજરાતની પટ્ટણીબોલીની લાક્ષણિકતાઓ દર્શાવો. *10*

www.prepp.in

## SECTION B

**Q5.** લગભગ 150 શબ્દોમાં ઉત્તરો લખો. *10×5=50*

(a) પદ્યવાર્તાના વિકાસમાં શામળે કરેલા પ્રદાનને મૂલવો. *10*

(b) ક.મા. મુનશીની ઐતિહાસિક નવલકથાઓનો પરિચય કરાવો. *10*

(c) સુરેશજોશીના લલિતનિબંધોની વિશેષતા ચર્ચો. *10*

(d) રમેશ પારેખની ગીતરચનાઓ વિશે સમીક્ષાત્મક નોંધ લખો. *10*

(e) ગુજરાતી નવલકથાઓમાં થયેલા રચનારીતિના પ્રયોગો વિશે જણાવો. *10*

**Q6.** (a) આખ્યાનનાં અંતરંગ અને બહિરંગ તત્ત્વો દર્શાવી આખ્યાન સ્વરૂપના વિકાસની ચર્ચા કરો. *20*

(b) ગુજરાતી વિવેચન સાહિત્યમાં થયેલી કાવ્ય તત્ત્વ વિચારણા અંગે વિસ્તૃત માહિતી આપો. *20*

(c) ચિનુમોદીની નાટયસૃષ્ટિની વિલક્ષણતાઓ દર્શાવો. *10*

**Q7.** (a) લોકકથા અને લોકગીતો વિષયક થયેલાં સંશોધનોની માહિતી આપો. *20*

(b) ટૂંકીવાર્તાની સ્વરૂપગત લાક્ષણિકતાઓ દર્શાવી ધૂમકેતુના વાર્તાવિશ્વનો પરિચય કરાવો. *20*

(c) લોકનાટ્ય તરીકે 'ભવાઈ' ની લાક્ષણિકતા દર્શાવી તેના વિકાસનો નિર્દેશ કરો. *10*

**Q8.** (a) પદ સ્વરૂપની લાક્ષણિકતાના સંદર્ભમાં નરસિંહ મહેતાનાં જ્ઞાનભક્તિનાં પદોની સદષ્ટાંત ચર્ચા કરો. *20*

(b) નાટકના સ્વરૂપની વિશેષતા દર્શાવી ચન્દ્રવદન. ચી. મહેતાએ નાટયક્ષેત્રે કરેલા પ્રદાનને મૂલવો. *20*

(c) પ્રમોદ કુમાર પટેલની સૈદ્ધાંતિક વિવેચના વિશે નોંધ લખો. *10*